ભિલોડામાં સુર્યનારાયણનું રૌદ્ર સ્વરૂપ

ભિલોડા,તા.૨૮

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડામાં સિઝનનો સૌપ્રથમ હિટવેવ રાઉન્ડ શુભારંભ થયેલ છે. ગરમીનો પ્રકોપ દિન-પ્રતિ-દિન વધતાં પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.માર્ચ મહિનાના અંતિમ

દિવસોમાં સુર્યનારાયણએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં પેટમાં દુ:ખાવો, બી.પી.ની વધ-ઘટ, ઝાડા-ઉલટીના દર્દીઓ વધ્યા છે.

અખાદ્ય ઠંડાપીણાનું ધુમ વેચાણ પરંતુ વહીવટી તંત્રાના જવાબદર અધિકારીઓ આંખ આડા કાન કરી રહ્યા છે. ૪૧ ડીગ્રી ગરમીનું તાપમાન વચ્ચે કાળઝાળ ગરમીમાં પ્રજાજનો રીતસર શેકાયા હતા. ઉનાળાના પ્રારંભે જ સુર્યનારાયણએ રોદ્ર સ્વરૂપ ધારણ કરતાં તાપમાનનો પારો ૪૧ ડીગ્રી પહોંચી ગયો હતો. વાતાવરણ અગનભટ્ટી જેવું બન્યુ હતું. માર્ગો ઉપર વાહનચાલકો, રાહદારીઓએ રીતસરની આગ દઝાડતી ગરમીમાં પ્રજાજનો પરસેવાથી રેબઝેબ બન્યા થઈ ગયા હતા. ઢોર-ઢાંખર અને પશુ-પંખીઓની હાલત દયનીય બની હતી. અસહ્ય કાળઝાળ ગરમીના પગલે પ્રજાજનોએ કામ વગર ઘરની બહાર જવાનું ટાળ્યું હતું.

ઉત્તર-પશ્ચિમના પવનના કારણે રાજસ્થાનમાં સક્રીય થયેલા વેસ્ટર્ન ડિસ્ટબન્સને લઈ ગરમીનો પારો વધ્યો હોવાના કારણે કાળઝાળ ગરમીના કારણે માર્ગો સુમસામ ભાસી રહ્યા હતા. આકાશમાંથી અગનગોળા વરસતાં હોય તેવું વાતાવરણ પ્રજાજનોએ અનુભવ્યું હતું. આગામી દિવસોમાં ગરમીનું તાપમાન વધશે તેવા એંધાણ વર્તાય રહ્યા છે. અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારમાં કુવા,રીંગબોરમાં પાણી ઓસરી જતાં પીવાની પાણીની ગંભીર સમસ્યા સર્જાશે તેવી સંભાવના છે. જીલ્લા મથક મોડાસામાં ૪૩.૫ ડીગ્રી તાપમાન નોંધાયું હતું.

ઘરફોડ ગેંગનો માસ્ટર માઈન્ડ અરવલ્લી એલસીબીના સકંજામાં

મોડાસા, તા. ૨૯

અરવલ્લી, મહેસાણા, સાબરકાંઠા અનેજામનગર પંથકમાંએક પછીએક ૪૯ ઘરફોડ ચોરીઓ કરનાર ઘરફોડ ગેંગનો માસ્ટર માઈન્ડ રીઢો ઘરફોડીયો આજે અરવલ્લી એલસીબીના સકંજામાં આવી ગયોછે. આ શખ્સે વધુ ૪ ઘરફોડ ચોરીઓની પણ કબુલાત એલસીબી સમક્ષ કરી છે. ઘરફોડ ચોરીમાં ગયેલા દાગીના અને રોકડ મળી રૂ. ૨.૮૧ લાખનો મુદ્દામાલ સાથે રીઢા શખ્સની અરવલ્લી એલસીબીએ ધરપકડ કરી સઘન પુછતાછ શરૂ કરી છે.

છેલ્લા ત્રણ વર્ષના સમયગાળામાં અરવલ્લી જિલ્લાના ભિલોડા તથા શામળાજી પંથકમાં થયેલી ઘરફોડ ચોરીના વણઉકલ્યા ગુનાઓ શોધી કાઢવા રેંજ આઈજી આર.બી. બ્રહ્મભટ્ટની સૂચના મુજબ ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક અરવલ્લી-મોડાસા તરફથી સૂચના અને માર્ગદર્શન મુજબ સી.ડી. વણઝારા પી.આઈ. એલસીબી અનેસ્ટાફ દ્વારા જુદી જુદી ટીમોબનાવી કામગીરી શરૂ કરી હતી. તેદરમિયાન એલસીબી પોલીસને બાતમી મળી હતી કે ભીલોડાના બજારમાં સોના-ચાંદીના વેપારીને ત્યાં રમેશ ફતાભાઈ ક્લાસવા રહે. કાકરાડુંગરા, તા. ખેરવાડા, જી. ઉદેપુર ચોરીનો મુદ્દામાલ વેચવા આવવાનો છે. આ ઈસમ અને તેની સાથે બીજા ઈસમોએ ભિલોડા, શામળાજી, હિંમતનગર, ઈડર, મહેસાણા, વિસનગર, વિજાપુર અને જામનગર જિલ્લામાં છેલ્લા ૩ વર્ષમાં અનેક ઘરફોડ ચોરીઓને અંજામ આપ્યો છે. તેવી માહિતી મળી હતી. જેઅંતર્ગત ભિલોડા બસ સ્ટેશન નજીક હાથમાં થેલીમાં કંઈક ભરી લઈ રોડ પર શંકાસ્પદ હાલતમાં ઉભોહતો. આ ઉભો રહેલો ઈસમ રમેશ ફતાભાઈ ક્લાસવાનેપોલીસે કોર્ડન કરી પકડી લીધો હતો. તેની પાસેથી પોલીસને સોનાની લગડી નંગ.૧ કિ. રૂ. ૯૦ હજાર તથા સોનાની બુટ્ટી એક જોડ કિ. રૂ. ૧૨ હજાર અને ચાંદીની લગડી કુલ ૧૪ નંગ વજન ૪ કિલો ૪૮૧ ગ્રામ તેની કિં. રૂ. ૧,૭૯,૨૪૦ મળી કુલ કિ. રૂ. ૨.૮૧,૨૪૦ નો મુદ્દામાલ મળી આવ્યો હતો.

મોડાસાના કડીયાવાડા રોડ પરની ટ્રાફિક સમસ્યા માથાના દુખાવા સમાન

મોડાસા, તા. ૨૯

મોડાસા શહેરના એસટી બસ સ્ટેન્ડ નજીક આવેલા કડીયાવાડા રોડ પર દુકાનદારો, લારી-ગલ્લાવાળાઓએ દબાણ કરતા માર્ગ સાંકડી ગલી જેવો થઈ ગયો છે. કડીયાવાડા રોડ પર આવેલી હોસ્પિટલોના તબીબો અને દુકાનદારોએ નગરપાલિકાતંત્રમાં ટ્રાફિક સમસ્યા અંગે વારંવાર રજૂઆત કરવા છતાં ટ્રાફિક સર્જનારા પરિબળો સામે કાર્યવાહિ ન કરાતા ટ્રાફિક પોલીસ અને નગરપાલિકા તંત્ર નિષ્ફળતા આંખે ઉડીને વળગે છે. ૧૦૦ મીટર દૂર આવેલી લીઓ પોલીસ ચોકી પર ફરજ બજાવતા કર્મચારીઓ ફક્ત દેખાવપૂર્તિ કામગીરી કરતા હોવાથી કડીયાવાડા રોડ પર વારંવાર ટ્રાફિક જામના દેશ્યો જોવા મળે છે.

મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન અને નગરપાલિકા તંત્ર દ્વારા મોડાસા શહેરમાં ટ્રાફિક હટાવવા વારંવાર કહેવાતી જુંબેશ હાથ ધરાતા ટ્રાફિકની સમસ્યા નગરના માર્ગો પર યથાવત જોવા મળી રહી છે. મોડાસા બસસ્ટેન્ડ સામે આવેલા કડીયાવાડા રોડ પર ૧૦ જેટલી હોસ્પિટલો અને કાપડ માર્કેટ અને શાકમાર્કેટ આવેલ હોવાથી દવાખાને સારવાર કરાવવા આવતા દર્દીઓ અને ખરીદી કરવા આવતા ગામડાઓના વેપારીઓ અને લોકોની સતત અવર-જવર રહે છે. કડીયાવાડા રોડ પરના મુખ્ય દ્વારની આજુબાજુની જગ્યા અને કડીયાવાડા રોડ પર લારીઓવાળા અને પાથરણાવાળાઓએ ગેરકાયદેસર અડ્ડો જમાવી દેતા અને નગરપાલિકાની જગ્યા પર દબાણ કરતા કડીયાવાડા માર્ગ સાંકડી ગલીમાં રૂપાંતરીત થઈ જતા અહીથી પસાર થતા વાહનચાલકો નીકળી ન શકતા વારંવાર ટ્રાફિક જામના દેશ્યો સર્જાય છે. માર્ગ પરથી બે મોટા વાહનો પસાર થાય તેટલી જગ્યા હોવા છતાં લારીઓ અને પાથરણાવાળાઓએ ગેરકાયદેસર અડીંગો જમાવી દેતા બે ફોર વ્હીલર ગાડીઓ સામ સામે નીકળી શકતી નથી. બે ફોર વ્હીલ સામ સામે આવી જાય તો ટ્રાફિક જામ થઈ જાય છે. જેથી અહીંથી પસાર થતા મુસાફરો અને દરદીઓને ખુબ જ હાલાકી ભોગવવી પડે છે. ટ્રાફિકજામના દેશ્યો સર્જાતા ધોમધખતા તડકામાં લોકોએ રીતસરના શેકાવવુ પડે છે. આ અંગે મોડાસાના કોર્પોરેટર રફીકભાઈ શેખે ૭ વર્ષ અગાઉ લેખીતમાં રજૂઆત કરવાની સાથે વારંવાર ટ્રાફિકની સમસ્યાનું નિવારણ લાવવા નગરપાલિકા તંત્રનુ ધ્યાન દોરવા છતા યોગ્ય કાર્યવાહિ હાથ ધરવામાં આવી નથી તો મોડાસા નગરપાલિકાના સત્તાધીશો અને પદાધિકારીઓ સામાન્ય લોકોની તકલીફોને નજર અંદાજ કરતા હશે ને તેવુ લોક મુખે ચર્ચાઈ રહ્યુ છે.

મોડાસા નગરપાલિકા પ્રમુખ ટ્રાફિક હટાવવા અગ્રેસર હતા પરંતુ અચાનક શાંત થઈ ગયા

આધારભૂત સુત્રોના જણાવ્યા અનુસાર મોડાસા નગરપાલિકાના સત્તાધીશ ભાજપાના મહિલા પ્રમુખ વનિતાબેન પટેલ સત્તા સંભાળતા જ મોડાસા શહેરના મુખ્યમાર્ગો પર ટ્રાફિક સમસ્યા દૂર કરવા અને લારી-પાથરણાવાળાના ગેરકાયદેસર દબાણ હટાવવા સક્રિય બન્યા હતા અને લોકોએ મહિલા પ્રમુખની ઝુંબેશને વધાવી લીધી હતી. પરંતુ અગમ્ય કારણોસર કે પછી તેમના પક્ષના કોર્પોરેટરો અને મોવડીમંડળે ટ્રાફિક હટાવાવના ઝુંબેશમાં સહકાર ન આપતા મહિલા પ્રમુખ વનિતાબેન પટેલે ટ્રાફિક હટાવવાનુ માંડી વાળતા શહેરના મુખ્યમાર્ગો પર ફરીથી ટ્રાફિકનો પ્રશ્ન શહેરીજનો માટે દુખાવા રૂપ બની જતા નગરજનોએ ફરીથી મોડાસા ન.પા. પ્રમુખને મુખ્યમાર્ગો અને કડીયાવાડા રોડ પર ટ્રાફિક હટાવવાની ઝુંબેશ શરૂ કરે તેવી લોક માંગ પ્રબળ બની છે.

આ પણ વાંચીએ...

● અહીં ઉંધી દિશામાં ચાલે છે ઘડિયાળો

છત્તીસગઢમાં છેલ્લા કેટલાય વર્ષોથી આદિવાસીઓ મોટી સંખ્યામાં ઉંધી દિશામાં ચાલતી ગડીયાળોનો પ્રયોગ કરી રહ્યા છે. છત્તીસગઢના કોરબા, કોરિયા સરગુજા, બિલાસપુર અને જશપુર જિલ્લાના આદિવાસીઓ આવી ઉંધી દિશામાં ફરતી ઘડિયાળોનો પ્રયોગ કરે છે. ૧૯૮૦ના દશકમાં પૃથક ગોંડવાના આંદોલને જ્યારે જોર પકડ્યુ હતુ ત્યારે આ ઘડિયાળો આદિવાસીઓમાં અપાઈ હતી. ત્યારથી તેઓ તેનો પ્રયોગ કરી રહ્યા છે.

● મારુતિ ૮૦૦નું એન્જિન લગાવી એક શખ્સે બનાવ્યુ હેલીકોપ્ટર

હાલમાં જ કેરળના ઈડુક્કીના એક શખ્સે બે સીટર હેલીકોપ્ટર બનાવીને રેકોર્ડ બનાવ્યુ છે. કેરળના ૫૪ વર્ષીય ડી. સદાશિવને મારુતિ ૮૦૦નું એન્જિન લગાવી હેલીકોપ્ટર બનાવી નાખ્યુ છે. સદાશિવન એક શાળાના આચાર્ય છે અને તેઓના માટે તેમણે આ હેલીકોપ્ટર બનાવ્યુ છે.

ભિલોડા તાલુકાના નાપડા ગામમાં ચંદુલા તળાવમાં પાણી ભરવા રજુઆત

ભિલોડા તાલુકાના અંતરીયાળ ગ્રામ્યવિસ્તારના મોટા ભાગના પ્રજાજનો ખેતી અને પશુપાલનના ધંધા સાથે સંકળાયેલા છે ત્યારે જીવન નિર્વાહ ખેતી અને પશુપાલન આધારે હોય છે પરંતુ વર્ષોથી નહીવત વરસાદના કારણે ગ્રામ્યવિસ્તારોમાં ઉનાળાના પ્રારંભે જ ઠેર-ઠેર પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાતી હોય છે. નદી, નાળા, તળાવો, કુવા, રીંગબોરના તળીયા દેખાયા છે. નાપડા ગામમાં ચંદુલા તળાવમાં પાણી ભરવા પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી સંદર્ભે જીલ્લા કલેક્ટરને રજુઆત કરાઈ છે.નાપડા-ખાલસા ગામ સહિત આજુ-બાજુના ગ્રામ્યવિસ્તારો માટે લાભદાયી ચંદુલા તળાવમાં ઈરીકેશન-નહેર ધ્વારા પાણીથી ભરવા માંગ છે. શામળાજી પાસેથી પસાર થતી મેશ્વો જલાગારનું પાણી છોડવા જીલ્લા કલેક્ટર શાલીની અગ્રાવાલને ધારદાર રજુઆતો કરાઈ છે. નાપડા ખાલસા ગામના અગ્રણી ગીતાબેન વણઝારા, સદસ્ય, તાલુકા પંચાયત ભિલોડા, રમેશભાઈ વણઝારા, પ્રજાજનો, ખેડુતો, પશુપાલકોના જણાવ્યા મુજબ નાપડા ગામ પાસે આવેલ ચંદુલા તળાવ હાલના તબક્કે સુકુ ભઠ્ઠ બની ગયું છે ત્યારે આ તળાવથી ૪ કિ.મી. દુરથી મેશ્વો નદી નીકળે છે.

કામગીરી આરંભાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાંધવાનુ કામ આગામી જુલાઈ સુધીમાં પુર્ણ કરી દેવાશે. જો કે હાલ પણ આ આવાસ યોજનાનુ ૭૦ ટકા કામ પુર્ણ થઈ ગયુ છે. નગરમાં દાયકાઓ જુના સરકારી આવાસો રહેણાંકને લાયક રહયા નથી. આવા સંજોગોમાં આવાસોના રીનોવેશનનુ કામ પણ મંદ ગતિએ ચાલી રહયુ છે. જો કે ખંડેર ભાસતા મોટાભાગના આવાસોને રીનોવેશન હેઠળ લેવામાં આવ્યા નથી. જેના પરિણામે તંત્રના ચોપડે મકાન સંદર્ભે પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે. જેને ધ્યાને લઈ જોખમી આવાસો દુર કરી નવા મકાનો બાંધવા માટે સરકાર દ્વારા તબક્કાવાર નવા આવાસો બાંધવાનુ આયોજન કરવામાં આવી રહયુ છે. પાટનગર યોજના ભવનના બજેટમાં નવા મકાનો બાંધવા માટે નાણાંકીય જોગવાઈ કરવામાં આવી છે. જેના લીધે વિવિધ કેટેગરીના નવા સરકારી મકાનો બાંધવા માટે આગામી સમયમાં કામ હાથ ધરાશે. પરંતુ હજુ સુધી આ માટે જગ્યાની પસંદગી કરવામાં આવી નથી. જો કે યોગ્ય અભ્યાસ તેમજ સર્વેના અંતે ખાલી જગ્યાની ઉપલબ્ધિ મુજબ નવા આવાસો બાંધવા માટે સ્થળ પસંદગી કરાશે. જો કે આગામી જુલાઈ મહીના સુધીમાં નવા આવાસો તૈયાર કરી દેવાશે .

બિલ પસાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવેરા વ્યવસ્થા અમલી કરવા માંગે છે. અગાઉ લોકસભામાં જીએસટી સાથે જોડાયેલા ચાર બિલ ઉપર આજે ગરમા ગરમ ચર્ચા થઈ હતી. લોકસભામાં ચર્ચાની શરૂઆત કરતા નાણામંત્રી અરૂણ જેટલીએ આને ગેમ ચેન્જર તરીકે ગણાવીને કેટલીક જોગવાઈઓનો સ્પષ્ટપણે ઉલ્લેખ કર્યો હતો. સાથે સાથે એમ પણ કહ્યું હતું કે જીએસટી હેઠળ ખાવા પીવાની ચીજવસ્તુ પર કોઈપણ ટેક્સ લાગુ થશે નહીં. હાલમાં જ લોકસભામાં જીએસટી સાથે જોડાયેલા ચાર બિલ ઉપર ચર્ચા થઈ રહી છે. સોમવારના દિવસે નાણામંત્રી અરૂણ જેટલીએ સેન્ટ્રલ જીએસટી, ઈન્ટેગ્રેટેડ જીએસટી, યુનિયન ટેરેટરી જીએસટી અને કમ્પન્શેશન જીએસટી બિલને એક સાથે રજુ કરવામાં આવ્યા હતા. જીએસટી સાથે જોડાયેલા ચાર બિલ ઉપર લોકસભામાં ચર્ચા દરમિયાન કોંગ્રેસના નેતા વિરપ્પા મોઈલીએ કહ્યું હતું કે ભાજપે જીએસટી લાગુ કરવામાં વિલંબ કરીને દેશને આશરે ૧૦ લાખ કરોડ રૂપિયાનો ચુનો લગાવ્યો છે. મોઈલીએ કહ્યું હતું કે યુપીએ સરકાર આને એપ્રિલ ૨૦૧૦થી અમલી કરવા માટે ઈચ્છુક હતી.

અમિત શાહનો ઈશારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

બન્યા નથી. મોદીએ તમામને સાથે રાખીને શાસન કર્યું છે. કેન્દ્રમાં પણ આજે આજ કારણસર સરકાર છે. વિપક્ષના નેતાને પડકાર ફેંકતા કહ્યું હતું કે ૧૯૯૦થી હજુ સુધી ભાજપે એકપણ ચૂંટણી હારી નથી. કોંગ્રેસના નેતાઓને જીતના સપના આવી રહ્યા છે. કોંગ્રેસ આવે છેના વારંવાર સપના આવે છે પરંતુ તમામ સપના ચકનાચૂર થઈ જાય છે. જાતિવાદનું ઝેર કોંગ્રેસે તમામ ગામડામાં રોપી દીધું હતું. ૧૩ વર્ષથી ગુજરાતની જનતા કરફ્યુ એટલે શું ભુલી ગઈ છે. ચૂંટણી આવતાની સાથે જ કોંગ્રેસના આક્ષેપનો દોર શરૂ થઈ જાય છે. નોટબંધીને લઈને બિનજરૂરી હોબાળો કોંગ્રેસ પાર્ટીએ મચાવ્યો છે. અમિત શાહે કહ્યું હતું કે નરેન્દ્ર મોદીએ કેન્દ્રમાં ગયાં પછી ગુજરાતનાં ઘણા કામ કર્યા છે. ગુજરાતને એક લાખ ૨૨ હજાર કરોડ રૂપિયા આપ્યા છે. દર પંદર દિવસે એક નવી યોજના બનાવવાનું કામ નરેન્દ્ર મોદીની સરકારે કર્યું છે. રાહુલ ગાંધી ઉપર અમિત શાહે પ્રહાર કરતા કહ્યું હતું કે તેમની આંખ ઉપર ઈટાલીયન ચશ્મા છે જેથી તેમને કોઈ સારૂ કામ દેખાઈ રહ્યું નથી. ભારતીય સેનાના જવાનોના પરાક્રમનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે હવે ભારતીય સેનાના જવાનો પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપી રહ્યા છે. કાશ્મીરની સરહદ ઉપર હવે ભારતીય જવાનોને સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવી છે. શાહે કહ્યું હતું કે જ્યારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે માથામાંની એક જુ પણ નહોતી હલતી. અમિત શાહે પોતાની અદામાં કાર્યકરોને સંબોધતા કહ્યું હતું કે ચૂંટણી માટે તૈયાર છો ને... મોદીને કહી દઉ કે આ વખતે એવી ચૂંટણી લડીએ કે ૧૫૦નો આંકડો હસતા હસતા લઈ આવીએ... આપણે સંકલ્પ કરીએ છીએ કે પ્રચંડ સીટો જીતીશું ને સરકાર બનાવીશું. વિજય રૂપાણી, નિતિન પટેલ અને જીતુ વાઘાણીના નેતૃત્વમાં ૨૦૧૭ની ચૂંટણી લડાશે તેમ અમિત શાહે કહ્યું હતું.

વેચાણ પર પ્રતિબંધ.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

નહીં. દેશભરમાં ઓટોમોબાઈલ કંપનીઓના સ્ટોકમાં આશરે ૮.૫ લાખ વાહન બીએસ-૩ માપદંડના છે. આમાંથી આશરે છ લાખ બાઈક છે. સ્ટોકમાં રહેલા બીએસ-૩ વાહનોની અંદાજિત કિંમત ૧૨ હજાર કરોડ રૂપિયાની છે. જસ્ટીસ મદન બી લાકુર અને જસ્ટીસ દિપક ગુપ્તાની બનેલી બેચે સોસાયટી ઓફ ઈન્ડિયન ઓટોમોબાઈલ મેન્યુફેક્ચર્સ અને અન્ય અરજીઓ પર સુનાવણી ચલાવતી વેળા મંગળવારના દિવસે ચુકાદો અનામત રાખ્યો હતો પરંતુ આજે આ મામલામાં ચુકાદો આપતા કહ્યું હતું કે કોર્ટ દ્વારા અનેક મહત્વપૂર્ણ બાબતોને ધ્યાનમાં લેવામાં આવી છે. કોર્ટે કહ્યું હતું કે પહેલી એપ્રિલથી બીએસ-૪ લાગુ કરવાની યોજના હતી, છતાં પણ કંપનીએ ટેકનોલોજીને વિકસિત કરવાને લઈને બેઠી રહી છે. ઈન્ડિયન ઓટો મોબાઈલ મેન્યુફેક્ચર્સ તરફથી રજુઆત કરતા વરિષ્ઠ વકીલ એએમ સિંઘવીએ કોર્ટમાં દલીલ કરી હતી કે કંપનીઓ પ્રદુષણ સાથે સંબંધિત માપદંડને સ્વીકારવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. બીએસ-૪ વાહોના નિર્માણની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે પરંતુ વર્તમાન સ્ટોકને ખતમ કરવા માટે ૭-૮ મહિનાનો સમય આપવો જોઈએ. આના પર કોર્ટે કહ્યું હતું કે કેન્દ્ર સરકાર દ્વારા બીએસ-૪ માપદંડ વાળા ઈંધણ ઉત્પાદન માટે ટેકનોલોજી પર હજારો કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા છે. કંપનીઓને તેમના ગોડાઉનમાં મુકવામાં આવેલા બીએસ-૩ માપદંડવાળા વાહનોના વેચાણની મંજુરી આપીને પ્રદુષણ ઉપર અંકુશ મુકવાના સરકારના પ્રયાસોને તોડી પાડવાની મંજુરી આપી શકાય નહીં. મામલાની સુનાવણી દરમિયાન કોર્ટે ઓટોમોબાઈલ કંપનીઓને સાફ શબ્દોમાં કહ્યું હતું કે વધુ સારા પર્યાવરણને ધ્યાનમાં લઈને બીએસ-૩ માપદંડવાળા વાહનોને વેચીને પ્રદુષણ પર કાબુ મેળવવાના સરકારના પ્રયાસોને નિષ્ફળ કરવાનું કામ કરવામાં ન આવે. ગાડી બનાવનાર તમામ કંપનીઓએ જાન્યુઆરી ૨૦૧૭થી માર્ચ ૨૦૧૭ સુધી બીએસ-૩ વાહનોના ઉત્પાદનને જારી રાખવાની કામગીરી હાથ ધરી છે. સાથે સાથે આ કામગીરી વધારી પણ દીધી છે. સુપ્રિમ કોર્ટના આજના તારણને ઉપયોગી ગણવામાં આવે છે. પ્રદુષણને લઈને હાલમાં જ ખૂબ હોબાળો દેશભરમાં થઈ ચુક્યો છે.

પ્રદુષણને કારણે દિલ્હીમાં હાલમાં લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. જરૂરી આદેશો પણ જારી કરાયા હતા. સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવલા ચુકાદા અંગે હજુ સુધી કોઈએ પણ પ્રતિક્રિયા આપી નથી પરંતુ આ નિર્ણયનું તમામ દ્વારા સ્વાગત કરવામાં આવે તેવી પ્રબળ શક્યતા દેખાઈ રહી છે.

યોગીના માર્ગે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ચાર હજાર દુકાનો પૈકી ૯૫૦ તો કાયદેસરની છે. પરંતુ કોર્પોરેશન દ્વારા તેમના લાયસન્સ ગયા વર્ષે ૩૧મી માર્ચ બાદ રિન્યુ કર્યા નથી. જે અંગે એક જેએમસીના અધિકારી કહે છે કે લાયસન્સ રિન્યુ ન કરવા માટે કેટલાક કારણો રહેલા છે. કારણ કે નિગમ દ્વારા લાયસન્સ ફી ૧૦ રૂપિયાથી એક હજાર રૂપિયા કરી દીધી છે. પરંતુ આના માટે જાહેરનામુ જારી કરવામાં આવ્યુ ન હતુ. બીજી બાજુ ન્યુ જયપુર મીટ એસોસિએશનના અધ્યક્ષ અબ્દુલ રફુક ખુર્શીએ કહ્યુ છે કે અમારી ભુલ નતી. કારણ કે અમે લાયસન્સ રિન્યુ કરવા માટે અપીલ કરી હતી. જો કે અમારી અરજી સ્વીકાર કરવામાં આવી ન હતી. અમે જયુપર તંત્રના નિર્ણયનો વિરોધ કરવા જઈ રહ્યા છીએ. જેએમસીના સુત્રોએ કહ્યુ છે કે ગેરકાયદે કતલખાના અને મીટની દુકાનો પર કાર્યવાહી હવે કરવામાં આવનાર છે. જે દુકાનોની પાસે પહેલાથી લાયસન્સ છે તેમને છોડી દેવામાં આવશે. પરંતુ જો પ્રાણીઓને મારવા માટે કાયદાકીય રીતે નિયમો પાળવામાં આવશે નહી તો પગલા લેવામાં આવનાર છે. ઉત્તરપ્રદેશ બાદ અન્ય રાજ્યોમાં પણ કાર્યવાહી થઈ રહી છે. ભાજપ શાસિત રાજ્યોમાં હાથ ધરવામાં આવેલી કાર્યવાહીના કારણે ગેરકાયદે કતલખાના સાથે જોડાયેલા મોટી સંખ્યામાં લોકો તેમની રોજગારી ગુમાવે તેવી શક્યતા દેખાઈ રહી છે.

હાથ મિલાવે તેવા સંકેત

● અનુસંધાન પહેલાનું ચાલુ

વખત એવી ચર્ચા છે કે જેડીયુ અને ભાજપ હાથ મિલાવી શકે છે. ૧૭ વર્ષ સુધી એનડીએના હિસ્સા તરીકે રહી ચુકેલા જેડીયુના લોકો એનડીએથી અલગ થયા હતા. જેડીયુના નીતિશકુમારના પક્ષે એનીએ સાથે વર્ષો સુધી રહ્યા છે. અટલ બિહારી વાજપેયીના નેતૃત્વમાં ભાજપ સરકારના ગાળામાં નીતિશકુમાર પોતે રેલવે મંત્રી તરીકે હતા પરંતુ જ્યારે લોકસભા ચૂંટણી ૨૦૧૪માં ભાજપે નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કર્યા ત્યારે સાંપ્રદાયિકતાના નામ પર નીતિશકુમારે ગઠબંધન સાથે છેડો ફાડી લીધો હતો. ૨૦૧૫માં બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા આરજેડી વડા લાલુ પ્રસાદ યાદવ સાથે નીતિશે હાથ મિલાવ્યા હતા. કોંગ્રેસ સાથે હાથ મિલાવીને મહાગઠબંધનની રચના કરવામાં આવી હતી. નીતિશકુમારનો આ નિર્ણય યોગ્ય સાબિત થયો હતો અને બિહાર વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. હકીકતમાં આ ગઠબંધનની સફળતા માટેનું મુખ્ય કારણ કેટલીક જાતિઓ એક સાથે આવી જતા રહ્યું હતું. સરકાર બન્યા બાદથી જેડીયુ અને આરજેડીના નેતાઓ હંમેશા સામે સામે દેખાયા છે આરજેડી નેતાઓની માંગથી નીતિશકુમાર પરેશાન થયેલા છે.

મનનાં ઉમંગો ● ૪ પાનાનું ચાલુ...

સ્વ. ચિનુ મોદીએ છંદોબદ્ધ, સોનેટ પણ બહુ સરસ લખ્યા છે. 'પિતાની પ્રથમ મૃત્યુતિથિએ' સૉનેટની પ્રથમ બે અને છેલ્લી બે પંક્તિ આ સાથે રજૂ કરી છે, તેનું ચિંતન માણો.

તમે મારાથી કાં દૂર દૂર થતાં જાવ ? તમને
ધકેલે ધીમેથી સમય...
તમારાથી હું યે દૂર દૂર થતો જોઉં, હળવે
મને યે દે ધક્કો સમય...

આમ સ્વ. ચિનુ મોદીએ ગીત, ગઝલ, છાંદસ, અછાંદસ, કાવ્યો ઉપરાંત ખંડકાવ્યો (બાહુક) લખ્યા છે. ઈર્ષાદગઢ, દેશવટો, ઉર્ણનાભ, શાપિત વનમાં, દર્પણની ગલીમાં, ક્ષણોના મહેલમાં, આદ્યા પાછા શ્વાસ વગેરે કાવ્યસંગ્રહો લખ્યા છે. બાહુક જેવું ખંડકાવ્ય લખ્યું છે. 'ગમી તે ગઝલ' નામનો ગઝલસંગ્રહ સંપાદક કર્યો છે. બીજા એક ગઝલ સંગ્રહ 'ગુજરાતી પ્રતિનિધિ ગઝલો'માં ગઝલનું સાહિત્યસ્વરુપ અને ગુજરાતીમાં તેનો વિકાસ' નામનો પ્રેશેક લખ્યો છે એ નવા ગઝલ લખનારાઓને ખૂબ ઉપયોગી થાય તેટલો સુંદર અને માહિતીપૂર્ણ છે. ભાવચક્ર, કાળો અંગ્રેજ ઉપરાંત બીજી પાંચેક નવલકથાઓ એમના નામે બોલે છે. 'ડાયલનાં પંખી', 'કોલબેલ', 'મેઈક બિલીવ' જેવા નાટ્યસંગ્રહો પણ આપ્યા છે. વિવેચન ઉપર પણ હાથ અજમાવ્યો છે. આમ સ્વ. ચિનુ મોદીએ સાહિત્યના લગભગ બધા જ ક્ષેત્રો કુશળતાથી ખેડ્યાં છે.

સાત વરસની ઉંમરે શાળામાં પ્રથમ દિવસે જતી વખતે વિજાપુરની બજારમાં કોઈ બામવાળાની જાહેરાતમાં નીચેના શબ્દો તેમણે સાંભળ્યા હતા.

ખરીદો, ખરીદો, આ અમરત પેઈન બામ,
માથાના દુ:ખાવા પર આપે છે આરામ.

ગદ્યમાં છૂપાયેલા લયની લીલા એ વખતે એમના કાનમાં પ્રવેશી અને જીવનભર છેલ્લા શ્વાસ સુધી તેમનો સાથ નીભાવ્યો. છેલ્લે એમણે લકેલી સૌ પ્રથમ લયબદ્ધ રચના જે 'વિશ્વ મંગલ'માં છપાઈ. તે સાંભળો -

અંતર મારું એકલવાયું, કોને ઝંખે આજ ?
કામણ કોનાં થઈ ગયાં છે ના સૂઝે રે કાજ?
ફરી પાછી જીવન કથા તો રહી જ ગઈ ! રહેવા તો ત્યારે ! આટલી શબ્દકથા શું અપૂરતી છે ?

લાગણીનો મેળો ● ૪ પોનાનું ચાલુ...

એક ઉમદા બાપ તરીકે સંતાનોને સાત્વિક – પૌષ્ટિક ખોરાક તેમજ તેના વ્યક્તિત્વને અજવાળે તેવા સુયોગ્ય પોશાકની વ્યવસ્થા માટે જરૂરી અર્થોપાર્જન કરવું જોઈએ. ઘરના દેવ-ઘરમાં પાઠ-પૂજા, આરતી, પારાયણ, પ્રાર્થના કરતી વખતે સંતાનોને પાસે બેસાડવાં, વિધિ-વિધાન શીખવાડવાં, યજ્ઞોપવીત આપવી જોઈએ. પછી તેને અભ્યાસ માટે મોકલવાં જોઈએ. દૈવીય ગુણો, નૈતિકતાવિકસે, ધર્મ અને સંસ્કૃતિનાખ્યાલો દૃઢ બને એવું જ્ઞાન મળે એ માટે ઘરમાં જ યોગ્ય વ્યવસ્થાનેભાવાવરણ તૈયાર કરવાની જરૂર છે કારણકે આજના રોટલાશિક્ષણે જીવંત જીવન જ્ઞાનનેહાંસિયામાંધકેલી દીધું છે.

એક જાગ્રત બાપ તરીકે પોતાના સંતાનને સારા મિત્રો આપવા જોઈએ સંગદોષ ન લાગે તેની સતત તકેદારી રાખવાની ભૂલશો નહિ. કદાચ સોબતની અસર જણાય તો તેને ઉગતી જ ડામવાનુંભૂલશો નહિ. પરિવારના તમામ સભ્યો એક થઈ તેમાંથી મુક્ત કરવા ખૂબ જ ગંભીરતાથી સ્વસ્થ ચિત્તે દક્ષતાપૂર્વક ને જરૂર જણાય તો કઠોર પગલાં લેતાં અચકાશો નહિ...

એક મૂલ્યનિષ્ઠ બાપ તરીકે દૈવીગુણોયુક્ત ઉચ્ચ ચારિત્ર્યબળ ધરાવતાં પુસ્તકો વેદ-ઉપનિષદ-ગીતા-રામાયણ-મહાભારત વગેરે ગ્રંથો ઘરે જ વસાવવા જોઈએ. આ બુદ્ધિનો ખોરાક છે. અવર-નવારપરિવારે સાથે મળીને સદવાંચન- ચિંતન કરવું જોઈએ. આ પિતૃ-ધર્મ છે. આપણે શરીર માટે કુટુંબને જોડે બેસાડીજમીએ છીએ ત